FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

This question paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No. / રોલ નંબર | | | | | | | | | | | | |

Code No. 44/S/A/G
કોડ નં.

# ગુજરાતી
(207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ______________________

Signature of Invigilators
(નિરીક્ષકની સહી)
1. ______________________
2. ______________________

**સામાન્ય નિર્દેશ :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપેપરના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપેપરને ચેક કરી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચેક કરી લેવું.

3 ઓબ્જેક્ટિવ પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 ઓબ્જેક્ટિવ પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. ઓબ્જેક્ટિવ પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપેપરની કોડ સંખ્યા **44/S/A/G** લખવી.



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

# ગુજરાતી
## (207)

**સમય : 3 કલાક** **પૂર્ણાંક : 100**

**નોંધ :**

1 બધા પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

2 વસ્તુનિષ્ઠ પ્રશ્નો માટે એક-એક અંક નિર્ધારિત છે.

3 વસ્તુનિષ્ઠ પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

1 કાનુડાએ ક્યું તોફાન નહોતું કર્યું ? ૧

(A) શીકું ફોડવું (B) ફર્નિચર તોડવું

(C) માખણ ઢોળવું (D) માખણ ખાવું

2 વ્યાયામસાધનાના નાયકને શાનું નિમંત્રણ મળ્યું ? ૧

(A) લગ્નમાં જવાનું (B) જમવાનું

(C) રમવાનું (D) વ્યાયામ કરવાનું

3 યોગ્ય જોડણી કઈ ? તે લખો. ૧

(A) પેહરણ (B) પ્હેરણ

(C) પ્હએરણ (D) પહેરણ

4 'એક પ્રશ્ન' પાઠમાં ન્યાય કરવા કોને બોલાવ્યાં ? ૧

(A) બા (B) મોટાભાભી

(C) બેન (D) હીરા



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

5 પતંગિયું અને ચંબેલીમાં કવિ કોને ઘેલી કહે છે ? ૧

(A) રાણીને (B) પતંગિયાને

(C) ચંબેલીને (D) પરીને

6 'મુક્તક'ના કવિ કોણ છે ? ૧

(A) મકરંદ દવે (B) બરકત વિરાણી

(C) ઇશ્વર પેટલીકર (D) ઝવેરચંદ મેઘાણી

7 'હોળી'નો તહેવાર કઈ ઋતુમાં આવે છે ? ૧

(A) વસંત (B) શરદ

(C) ગ્રીષ્મ (D) હેમંત

8 'સોયનું નાકું' પાઠમાં થયેલ સભામાં પ્રમુખ સ્થાન કોણે લીધું ? ૧

(A) ભાઈબંધ (B) નોકર

(C) ચિત્રગુપ્ત (D) નંદનંદન શેઠ

9 પીળકના સ્વર માટે કઈ ઉપમા આપવામાં આવી છે ? ૧

(A) ઓગળેલા માખણ જેવી (B) મધમીઠી

(C) ચંદ્રની ચાંદની જેવી (D) પ્રભાતનાં કિરણો જેવી

10 વિનુ માંકડ કયા પ્રકારના નિષ્ણાત ફિલ્ડર હતા ? ૧

(A) ગલીના (B) સિલી પોઈન્ટના

(C) સ્લિપ અને શોર્ટલેગની જગ્યાના (D) ફાઈન લેગના

11 'પુષ્પતણી પાંદડીએ'માં અલંકાર ઓળખો. ૧

(A) વર્ણાનુપ્રાસ (B) ઉત્પ્રેક્ષા

(C) રૂપક (D) ઉપમા



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

12 ઉત્તરાયણ પછી સૂર્ય કઈ દિશા તરફ ગતિ કરે છે ? ૧

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) ઉત્તર (D) દક્ષિણ

13 નંદનંદન શેઠની સ્મૃતિમાં શું બનાવવાનું નક્કી થયું ? ૧

(A) ઈમારત (B) સ્મારક

(C) ચબૂતરો (D) ચોક

14 'પીળક' શેના પૂરા થવાનો સંકેત આપતો ગાન ગાય છે ? ૧

(A) સંધ્યા (B) સવાર

(C) દિવસ (D) રાત્રિ

15 કવિ પ્રિયતમાના પ્રેમને કઈ નદીનાં નીર કહે છે ? ૧

(A) નર્મદા (B) ગંગા

(C) સાબર (D) યમુના

16 કવિએ પરી માટે કયું વિશેષણ વાપર્યું છે ? ૧

(A) મલકંતી (B) દમયંતી

(C) મહકંતી (D) લાજવંતી

17 અનાજના વેપારી કેટલું અનાજ વેચે છે ? ૧

(A) કિલો-કિલો (B) મણ-મણ

(C) શેર-શેર (D) ટન-ટન

18 ગાંધીજીને ટોળામાંથી કોણે બચાવ્યા ? ૧

(A) નાથૂરામ ગોડસે (B) નેહરુજીએ

(C) મિ. એસકમ્બે (D) રૂસ્તમજીએ



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

19 પર્વતને ઊંચકનાર : ૧

(A) પર્વતારોહક (B) પર્વતધારી

(C) પર્વતાધિપતિ (D) ગિરધારી

20 હરિયાએ કુલ કેટલી જાતનાં ફોર્મ ભર્યાં ? ૧

(A) પાંસઠ (B) પંદર

(C) પાંત્રીસ (D) પચાસ

21 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : ૬

(i) 'એક પ્રશ્ન' વાર્તાના આધારે - 'મોટાભાભીનું આયુષ્ય લાંબું છે.' સ્પષ્ટ કરો.

(ii) 'કસોટી' પાઠના આધારે અંગ્રેજોની ખાસિયતો જણાવો.

(iii) નંદુએ કરેલા પ્રહારની નાયક પર શી અસર થઈ ?

(iv) 'ઉત્તર તરફ પ્રયાણ' પાઠના આધારે ભગવાનની કૃપાની માનવજીવન પર શી અસર થાય છે ? સ્પષ્ટ કરો.

(v) નાયિકાની 'મા'ની સરખામણી શાની સાથે કરી છે ? તે પોતાની કમાણી કેવી રીતે કરતી હતી ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના જવાબ **એક** વાક્યમાં લખો : ૩

(i) નાયક સંમેલનમાં શાના વિશે બોલ્યા ?

(ii) મોટાગામમાં બદલી થવાથી દેવશંકરને શું નુકસાન થયું ?

(iii) 'અક્ષયવટ' ક્યાં આવેલો છે ? તે વિશે લોકોની શી માન્યતા છે ?

(iv) વિનુ માંકડ મૂળ નામ શું હતું ? તેમનો જન્મ ક્યાં થયો હતો ?

(v) 'સોયનું નાકું' પાઠમાં શોકસભા શા માટે ભરવામાં આવી હતી ?

22 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના જવાબ લખો : ૬

(i) કાનુડાની બાળલીલાઓનું વર્ણન કરો.

(ii) કવિ કોને 'ઉત્પાત' કહે છે ? કેમ ?

(iii) 'કોઈ માધવ લ્યો' કાવ્યમાં વર્ણિત 'કૃષ્ણલીલા' (ચમત્કારનું)ના એક પ્રસંગનું વર્ણન કરો.

(iv) અખાએ અંધશ્રદ્ધાનાં કેટલાં દૃષ્ટાંતો આપ્યાં છે ?

(v) 'એ લોકો' કાવ્યના કવિને શું થવું છે ? શા માટે ?



www.FirstRanker.com

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના ઉત્તર **એક** વાક્યમાં લખો : ૩

(i) વસંત જે માર્ગેથી પસાર થાય છે, તે માર્ગ કેવો લાગે છે ?

(ii) કવિ પ્રિયતમાના પ્રેમને કઈ નદીના નીર કહે છે ?

(iii) ચંબેલીની પાંખો કેવી હતી ?

(iv) 'અવસાન-સંદેશ' કાવ્ય કયા પ્રકારનું કાવ્ય છે ?

(v) મુક્તક દ્વારા કવિ શો સંદેશ આપે છે ?

23 (ક) કોણ કોને કહે છે ? કોઈ પણ **ત્રણ** લખો : ૩

(i) ''કીર્તિ તો મને એટલી મળી કે મારે એને ખરીદવા જવું નહોતું પડતું ?''

(ii) ''ફ્રેંચ સાહેબ કૂદશો નહિ, આ ટાવર કયાં ઈંટોનો બનેલો છે.''

(iii) ''જમણનો દોઢ રૂપિયો છે, એ તો તમે જાણો છો ને ?''

(iv) ''ઓ હો ! આ કોલાહલ શો ? યુરોપનું યુદ્ધ ભજવો છો કાંઈ ?''

(v) ''અને ગાંધીના બૈરી છોકરાંને ઈજા નહિ કરો એ તો મારી ખાતરી જ છે.''

(ખ) કોઈ પણ **બે** કાવ્યપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : ૬

(i) ''સાબરનાં નીતરેલ નીર તું ભલે હો
આ માટે તો ઝાંઝવાનાં પાણી.''

(ii) ''ચંબેલીનો દેહ રૂડો, ને પતંગિયાની પાંખ ધરી.''

(iii) ''હતો દુખિયો, થયો સુખિયો, સમજ્યો છૂટ્યો રણથી.''

24 કોઈ પણ **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : ૬

(i) ફકીરના સ્વભાવનું વર્ણન કરો.

(ii) 'પ્રયાગરાજ' પાઠમાં આવતાં ધાર્મિક સ્થળોનું વર્ણન કરો.

(iii) 'ઈંટોએ મારા જીવનમાં સાત રંગ પૂર્યાં છે.' - વિધાનનો મર્મ સ્પષ્ટ કરો.

25 કોઈ પણ **એક** વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો : ૧૦

(ક) વર્તમાન શિક્ષા પદ્ધતિ

(ખ) મને શું થવું ગમે

(ગ) સમાચારપત્રની મહત્તા

(ઘ) મારો પ્રિય તહેવાર

(ઙ) પ્રાણીબાગની મુલાકાત



www.FirstRanker.com

26 ઉનાળાની રજાઓમાં તમારા મિત્રને 'ગુજરાત ભ્રમણ'નું નિમંત્રણ આપતો પત્ર લખો. ૮

**અથવા**

બહેનના લગ્ન માટે અઠવાડિયાની રજાની મંજૂરી માટેની રજાચિઠ્ઠી તમારા વર્ગશિક્ષકને લખો.

27 કોઈ પણ **એક**નો વિચાર-વિસ્તાર કરો : ૬

(ક) જનસેવા એ જ પ્રભુસેવા

(ખ) સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.

28 નીચેનો ફકરો ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : ૫

પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્નાન છે અને બીજી રીતે હૃદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શકીએ તો હૃદયમાં ભેગા થયેલા અનેક કુવિચારો અને મલિન નિર્ણયો ઓગળી જાય છે અને શુભ સંકલ્પો વિકસિત થતા જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માગીએ કે ન માગીએ, ભગવાનના સાંનિધ્યમાં આપણે ઊભા રહીએ એટલે આખું વાતાવરણ એની મેળે પવિત્ર થતું જાય છે. પ્રાર્થના દુઃખી હૃદયનો પોકાર છે. પ્રાર્થના પતિતને પણ પાવન કરે છે. બધા ધર્મોએ પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવ્યું છે. આ દુનિયામાં ઈશ્વર સિવાય કોઈનામાં આપણું દુઃખ દૂર કરવાની શક્તિ નથી. માણસજાતની છેલ્લી મૂડી પ્રાર્થના જ છે. બાકી કશું ન રહ્યું હોય તોયે પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે. પ્રાર્થનાની ટેવ હોય તો કપરા પ્રસંગે અચૂક એનું જ શરણું લેવાનું સૂઝે છે. જે રીતે સમુદ્રમાં ડૂબનાર માણસ માટે રબરનાં કડાં કામ આવે છે તેમ સંસારસાગરમાં ડૂબનારને પ્રાર્થના કામ આવે છે. દરેક કુટુંબમાં કાંઈ નહિ તો રોજ એકવાર સવારે કે સાંજે બધા લોકોએ ભેગા થઈ પ્રાર્થના કરવાનો રિવાજ રાખવો જોઈએ. જે ઘરમાં નિયમિત પ્રાર્થના થાય છે એ ઘરનું વાતાવરણ શુદ્ધ રહે છે અને હૃદય પવિત્ર થાય છે.

**પ્રશ્નો :**

(i) પ્રાર્થના એટલે શું ?

(ii) પ્રાર્થનામય વાતાવરણમાં તલ્લીન થવાથી શું થાય છે ?

(iii) આપણી આજુબાજુનું આખું વાતાવરણ ક્યારે પવિત્ર થાય છે ?

(iv) માણસજાતની છેલ્લી મૂડી શું છે ? અને તેનાથી શું થાય છે ?

(v) નિયમિત પ્રાર્થના કરવાથી શું થાય ?

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

29 એક શાળામાં ધોરણ 9, 10, 11 અને 12ના ચાર વર્ગોના વિદ્યાર્થીઓએ અનુક્રમે ક્રિકેટ, હોકી, બેડમિન્ટન અને ટેબલટેનિસની રમતોમાં ભાગ લેવાનો છે. તો આ માટે ૩

ધોરણ 9 માંથી ક્રમશઃ 4, 4, 2, 1 વિદ્યાર્થીઓ

ધોરણ 10 માંથી ક્રમશઃ 3, 4, 1, 2 વિદ્યાર્થીઓ

ધોરણ 11 માંથી ક્રમશઃ 1, 2, 1, 1 વિદ્યાર્થીઓ

ધોરણ 12 માંથી ક્રમશઃ 1, 1, 0, 0 વિદ્યાર્થીઓ

રમતોમાં ભાગ લેશે. આ માહિતીને સારણીમાં ગોઠવો.

30 સૂચના મુજબ લખો :

(ક) **વિરુદ્ધાર્થી** લખો : (ગમે તે **બે**) ૨

પ્રત્યક્ષ, અગવડ, સગુણ, અસલી

(ખ) **સમાનાર્થી** લખો : (ગમે તે **બે**) ૨

જગત, પાણી, ફૂલ, નદી

(ગ) **સંધિ** જોડો : (ગમે તે **બે**) ૨

દેવ + ઈશ, ઉત્ + લાસ, પુસ્તક + આલય, સિંહ + આસન

(ઘ) **રૂઢિપ્રયોગો**નો અર્થ લખો : (ગમે તે **બે**) ૨

પીઠ બતાવવી, ઢળી પડવું, એક ના બે ન થવું, પેટે પાટા બાંધવા

(ઙ) **શબ્દ સમૂહ માટે એક શબ્દ** લખો : ૨

(૧) બધામાં ઉત્તમ (૨) ઘોડા પર બેઠેલો માણસ

(૩) જેનો અંત ન હોય (૪) જે રોગમુક્ત હોય

31 નીચેના મુદ્દા ધ્યાનપૂર્વક વાંચી તે પરથી **વાર્તા** લખો : ૫

એક જંગલ — સિંહનો ત્રાસ — દરરોજ અનેક પશુઓની હત્યા — પશુઓની સભા — સિંહને વિનંતી — દરરોજ એક પશુ મોકલવાનો નિર્ણય — સસલાનો વારો — સસલાનું સિંહ પાસે મોડા પહોંચવું — સિંહનું ગુસ્સે થવું — સસલાનું સિંહને કૂવા પાસે લઈ જવું — કૂવામાં સિંહને પોતાનો પડછાયો દેખાવો — સિંહનું કૂવામાં કૂદી પડવું — સસલાનું બચી જવું — બોધ.



www.FirstRanker.com